# નિરાશા વચ્ચે વિદ્યાર્થીઓએ ગુજકેટ માટેની પરીક્ષા આપી

## ગુજરાતમાંથી બી, એબી ગ્રુપના ૬૮૨૪૫ વિદ્યાર્થી : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી પરીક્ષાને લઈને ઉત્સાહનો અભાવ રહ્યો

અમદાવાદ, તા.૧૦

ગુજરાત સહિત દેશમાં મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષાને ફરજિયાત કરવાનો આદેશ આપવામાં આવ્યા બાદ નિરાશાના માહોલ વચ્ચે આજે વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપી હતી. પરીક્ષા માટે રાજયભરમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નોંધાયા હતા. કેટલાક વિદ્યાર્થીઓની સાથે વાલીઓ પણ પહોંચ્યા હતા. આ પરીક્ષા માટે રાજયભરમાંથી બી તેમજ એબી ગ્રુપના મળીને કુલ ૬૮,૨૪૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા, જેમાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જો કે જે વિદ્યાર્થીઓ પૈકીના કેટલાક વિદ્યાર્થીઓએ ગુજકેટની પરીક્ષા આપવાનું ટાળ્યું હતું. ગુજકેટના પરિણામના આધારે માત્ર પેરામેડિકલ કોર્સમાં જ પ્રવેશ અપાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં મેડિકલ પેરામેડિકલ કોર્સીસમાં પ્રવેશ માટે તા. ૧૦ મે ને આજરોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવી હતી.

ગુજકેટ ૨૦૧૬ની પરીક્ષા રાજયના કુલ ૩૪ ઝોનમાં આવેલી ૨૯૨ બિલ્ડિંગ અને ૩૪૫૮ બ્લોકમાં ગુજકેટની પરીક્ષા લેવાઈ હતી. ગેરરિતીને ડામવા માટે તમામ પરીક્ષાખંડની સીસીટીવી અને ટેમ્બ્લેટ દ્વારા દેખરેખ રખાઈ હતી. સમગ્ર રાજયમાંથી બી ગ્રુપ તથા એબી ગ્રુપના મળી ગુજકેટના કુલ ૬૮,૨૪૫ વિદ્યાર્થીઓમાંથી ૩૯,૩૦૩ વિદ્યાર્થીનીઓ અને ૨૮,૯૪૨ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, જેમાં ગુજરાતી માધ્યમના ૫૪,૮૯૪ વિદ્યાર્થીઓ, અંગ્રેજી માધ્યમના ૧૨,૭૩૩ અને હિન્દી માધ્યમના ૬૧૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ પરીક્ષામાં અંગ્રેજી માધ્યમના સૌથી વધુ વિદ્યાર્થીઓ અમદાવાદ શહેરમાં ૧૮૫૯ નોંધાયા છે. જયારે અમદાવાદ ગ્રામ્યમાં ૬૭૨ વિદ્યાર્થીઓ છે.



(તસવીર : દિપક જાની)

શહેરના સ્વર્ણિમા પાર્કમાં સ્થિત વોટર બોડીના સંપની લાઈન તુટી જતા છેલ્લા એક સપ્તાહથી વોટર શો બંધ છે. જયારે ફાઉન્ટેઈન શો ની જાળવણીનુ કામ પણ ચાલી રહયુ છે. ત્યારે હજુ પણ એક સપ્તાહ સુધી સહેલાણીઓને વોટર શો નિહાળવા નહીં મળે. સંપની લાઈનનુ કામ પુર્ણ થયા બાદ જ શો નિયત સમયે જોવા મળશે.

# સઘન સુરક્ષા વચ્ચે હાર્દિકને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો

સુરત, તા.૧૦

પાટીદાર આંદોલન સમિતિના લીડર હાર્દિક પટેલની જ્યુડિશિયલ કસ્ટડીની અવધિ આજે પૂર્ણ થતાં આજે કોર્ટમાં લાવવામાં આવ્યો હતો. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે કોર્ટમાં લાવવામાં આવેલા હાર્દિકે પત્રકારો સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, ભાજપ સરકાર પાટીદારોને બેવકુફ બનાવે છે.

હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, સમાજ સાથે ગદારી કરે તેવા લોકોની જરૂર નથી.હાર્દિક પટેલે અગાઉ પાટીદારો અને સરકાર વચ્ચે મધ્યસ્થી થયેલી સાંસદ વિઠ્ઠલ રાદડિયાને સન્માનીનય વ્યક્તિ ગણાવ્યાં હતાં અને તેમના વિરુદ્ધ કંઈ પણ કોઈએ ન કહેવું તેવું નિવેદન આપ્યું હતું. ત્યારે આજે હાર્દિકના સુર બદલાઈ ગયા હતાં અને વિઠ્ઠલ રાદડિયાએ સમાધાન સાથે છેડો ફાડ્યા બાદ હાર્દિકે જણાવ્યું હતું કે, સમાજ સાથે ગદારી કરનારા કોઈની જરૂર નથી. દરમિયાન વિઠ્ઠલ રાદડિયાએ જણાવ્યું હતું કે, સરકારે પાટીદારોને ૧૦ ટકાની જગ્યાએ ૨૦ ટકા ઈબીસી આપી હોત તો સારૂ હતું. હવે તેઓ પાટીદાર અનામત આંદોલન અને સરકાર વચ્ચે મધ્યસ્થી નહીં કરે તેવી જાહેરાત કર્યા બાદ હાર્દિકે સુરત કોર્ટમાં રાદડિયા પર પલટવાર કર્યો હતો.

# નીટ મુદ્દે સુપ્રીમમાં રિવ્યૂ અરજી દાખલ કરાઈ છે

## આ વર્ષે નીટ ન લેવા રજૂઆત

અમદાવાદ,તા. ૧૦

ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં નીટની પરીક્ષાને લઈને રિવ્યૂ પિટિશન અથવા તો સમીક્ષા અરજી દાખલ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટમાં અરજી રજૂ કરીને ગુજરાત સરકારે આ વર્ષે નીટ પરીક્ષા ન લેવાની અપીલ કરી છે. સાથે સાથે ગુજરાતી ભાષામાં જ પરીક્ષા લેવા માટેની પણ રજૂઆત કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટે ગઈકાલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, રાજ્યો પોતાનીરીતે પરીક્ષા લઈ શકશે નહીં. તમામ રાજ્યોમાં નીટ ફરજિયાત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈકાલે સુપ્રીમ કોર્ટે નેશનલ ઈલિજીબીલીટી એન્ટ્રેન્સ ટેસ્ટના સંદર્ભમાં ચુકાદો આપ્યો હતો.સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, નીટ-૧માં ભાગ લઈ ચુકેલા વિદ્યાર્થીઓ નીટ-૨માં પણ ઉપસ્થિત રહી શકે છે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં કહ્યું છે કે, નીટ-૧માં પરીક્ષા આપી ચુકેલા વિદ્યાર્થીઓ નીટ-૨માં પણ બેસી શકશે. નીટ-૨ની પરીક્ષા ૨૪મી જુલાઈના દિવસે યોજાશે.સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, ૨૪મી જુલાઈના દિવસે યોજાનાર નીટ-૨ એવા જ વિદ્યાર્થીઓને તક આપશે જે પહેલી મેના દિવસે ઉપસ્થિત રહ્યા ન હતા. કોર્ટના આદેશ મુજબ પહેલી મેના દિવસની સીબીએસઈના એઆઈપીએમટી નીટ-૧ પરીક્ષા તરીકે ગણવામાં આવશે.

### નવાં કલેવર ● ૪ પાનાનું ચાલુ...

ઘરનું પાણી પણ ન પીધું. સ્વાતિ જોર જોરથી રડી રહી હતી. તેની બહેનપણી રોહિણી રડવામાં તેને સાથ આપતી હતી. લગભગ એક કિલોમીટર પગપાળા ચાલ્યા બાદ બસ સ્ટેન્ડ આવ્યું. પરબેથી પાણી પાયું. મોં ધાવડાવ્યું. પરંતુ આ શું? પાણીનો ઘુંટડો ભરતાં જ ઉલ્ટી થઈ. ઉલ્ટીમાં નીકળેલ પાણી લાલ અને કાળું હતું. તરત મોટર સાઈકલ પર દવાખાને લઈ ગયા. રસ્તામાં વધુ ઉલ્ટીઓ થઈ. ઉલ્ટી એવી જાણે ઝેર ઓકતી ન હોય!

દવાખાને પહોંચતા ડૉકટરે સારવાર ચાલુ કરી. પોલીસ આવી. તેનું નિવેદન લેવામાં આવ્યું. સ્વાતિએ કહ્યું કે મેં સ્વેચ્છાએ ઝેર ખાધું છે. મારા ઘરમાં મને જબરદસ્તી સાસરે મોકલતાં હતા. હું ત્યાં જવા માંગતી નહોતી કેમ કે તેમને કજોડાનાં લગ્ન અને દહેજનો દંશ નહીં સમજાય. અવાજ લથડવા લાગ્યો. ડૉકટરોએ મોટી હોસ્પિટલમાં રીફ્ટ કરી. પરંતુ એ ભગવાન પાસે રીફર થઈ ચૂકી હતી. મેળ વગરનાં લગ્નના મંડપ તળે દહેજના ઉંબરે એક કળી મુરઝાઈ ગઈ.

ફોટો ટૉક....

■ હિરેન ભટ્ટ



હું કોણ...? બાજીરાવ ભલ્લાડ... કચ્છના ભયાવહ ભૂકંપના એપી સેન્ટરથી નજીકમાં આવેલા ભચાઉમાં નિર્માણાધીન ઑવરબ્રીજની નીચે ચાની લારી ચલાવતો આ યુવાન પોતાની જાતને બાજીરાવ જ માને છે. ફિલ્મ જોયા પછી સતત એ પાત્રના કેફમાં રહેતો આ યુવાન ચા બનાવતો હોય ત્યારે પણ બાજીરાવ જેવી જ ચપળતા અને તરવરાટ છલકાય.. રણવીર સિંઘની દશમી ઝેરોક્ષ કૉપી જેવો મૂળ રાજસ્થાની આ યુવાન ચા બનાવતાં બનાવતાં બાજીરાવના બે - ચાર ડાયલૉગ્સ ભલે ઠપકારે પણ આ યુવાન ફિલ્મી હશે એવું માની લઈ શકાય તેમ નથી. બાજીરાવ ભલ્લાડની જેમ એ હિન્દુવાદી શાસક બનવા ઈચ્છે છે એને પણ વડાપ્રધાન થવું છે. જો એમ શક્ય ન બને તો એ પોતાના માણસને રાષ્ટ્રનો વડો બનાવવાની ખેવના રાખે છે. સપનાં જોવાનો સહુને અધિકાર છે, એ સાકાર કરવા સતત મથામણ કરતો રહે તે વીર. પોતાની વાસ્તવિક્તા પ્રત્યે માત્ર 'રાવ' કર્યા કરે એ ક્યારેય જીવનની 'બાજી' જીતી ન શકે. રાવ કર્યા વિના સતત પરિશ્રમ કર્યા કરીએ તો આપણે પણ બાજીરાવ જ છીએ....!!

# નવા સત્રથી શાળાનો સમય બદલવાના નિર્ણયનો વિરોધ

## શાસનાધિકારી દ્વારા કુલ ૭૮ શાળાઓનો સમય સવારને બદલે બપોરે ૧૦.૫૦-૫.૦૦ કરવા માટે પરિપત્ર જારી

અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચાલતી શાળાઓ પૈકી ૭૮ જેટલી શાળાઓનો સમય જૂન મહીનાથી શરૂ થઈ રહેલાં નવા શૈક્ષણિક વર્ષથી સવારને બદલે બપોરનો કરવા અંગે શાસનાધિકારી દ્વારા કરવામાં આવેલા પરિપત્રનો વિરોધ કરવામાં આવ્યો છે.વિપક્ષ કોંગ્રેસ દ્વારા આ નિર્ણય એ ગરીબ વર્ગના બાળકોના ભાવિ સાથે ચેડાં કરવા બરોબર હોઈ તને તાકીદે પરત ખેંચાવા અંગે મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે.

મ્યુનિસિપલ સ્કૂલબોર્ડના શાસનાધિકારી લગધીર દેસાઈ દ્વારા ગત ૨૬ એપ્રિલના રોજ એક પરિપત્ર કરવામાં આવ્યો હતો.જેમાં તેમણે ૭૮ જેટલી શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉદ્દેશીને કહ્યું છે કે,નવા સત્રથી તેમની શાળાઓનો સમય બપોરના ૧૦.૫૦થી સાંજના પાંચનો રહેશે.શાસનાધિકારી દ્વારા કરવામાં આવેલા આ પરિપત્ર સામે વિપક્ષ નેતા દીનેશશર્માએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત પત્ર દ્વારા એવી રજૂઆત કરી છે કે,મ્યુનિસિપલ સ્કૂલબોર્ડમાં નવા ચેરમેનની નિમણૂંક ન કરવામાં આવી હોવાના કારણે કાર્યકારી ચેરમેન શાસનાધિકારી પાસે વિવાદાસ્પદ નિર્ણય લેવડાવવામાં આવી રહ્યા છે.તેમણે કહ્યું છે કે,સવારની શાળાઓમાં બાળકોની સંખ્યા જળવાઈ રહેતી હતી.પરંતુ આ પ્રમાણે લેવામાં આવેલાં મનસ્વી નિર્ણયને કારણે બાળકો મ્યુનિસિપલ શાળાઓમાં અભ્યાસ કરવા આવશે જ નહીં.ઉપરથી શાળા છોડી બાળકો ચાલ્યા જવાથી મ્યુનિસિપલ શાળાઓમાં બાળકોના ડ્રોપ આઉટ રેશીયામાં વધારો થવા પામશે.ગરીબ વર્ગના બાળકોના ભાવિ સાથે ચેડાં કરનારો આ નિર્ણય તાકીદે પરત ખેંચાવો જોઈએ.

### આજે ભાજપાની પ્રદેશ બેઠક

ભાજપ પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડયાએ જણાવ્યું હતું કે પ્રદેશ પ્રમુખશ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આવતીકાલે તા. ૧૧ મે ૨૦૧૬ના રોજ બપોરે ૩.૦૦ કલાકે પ્રદેશ બેઠક યોજાશે. માન. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારને તા. ૨૬મેના રોજ માન. શ્રીમતી આનંદીબેન પટેલના નતૃત્વની રાજય સરકારને તા. ૨૨મેના રોજ બે વર્ષ પૂર્ણ થાય છે. કેન્દ્ર અને રાજયની સરાકરના બે વર્ષ દરમિયાન શ્રેણીબદ્ધ પ્રજાલક્ષી કાર્યની ઉજવણીની રૂપરેખા અને વિવિધ આયોજન સંદર્ભે બેઠકમાં ચર્ચા વિચારણા હાથ ધરાશે. ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે બપોરે યોજાનારી આ બેઠકમાં પ્રદેશ હોદ્દેદારશ્રીઓ, પ્રદેશ મોરચાના પ્રમુખશ્રીઓ, જિલ્લા/મહાનગર પ્રભારીશ્રીઓ, જિલ્લા/મહાનગરના પ્રમુખ-મહામંત્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહેશે.

# ગાંધીનગરમાં પણ બીએસએનએલના યુનિયનની ચુંટણી યોજાઈ

ગાંધીનગર, તા.૧૦

બીએસએનએલ દ્વારા યુનિયનની ચુંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર દેશમાં યોજાયેલી ચુંટણીઓમાં ગાંધીનગર એકમના કર્મચારીઓ પણ સામેલ થયા હતા. આ ચુંટણીમાં કુલ-૧૯ યુનિયનોની ત્રણ પેનલોએ ઝંપલાવ્યું છે.જેમાં એનએફટીઈ, બીએસએનએલઈયુ, એફએનટીઓનો પણ સમાવેશ થાય છે. ગાંધીનગરમાં વર્ગ-૩ અને ૪ ના ટેકનીકલ-લાઈન અને એડમીન સ્ટાફ થઈને કુલ-૧૯૪ કર્મચારીઓ એ યુનિયનની ચુંટણીમાં મતદાન કર્યું હતું.

સમગ્ર દેશમાં સંચાર સેવામાં અગ્રેસર ભારતીય સંચાર નિગમ લિમીટેડમાં ફરજ બજાવતા લાખો કર્મચારીઓના યુનિયનની ચુંટણી આજરોજ સમગ્ર ભારતભરમાં યોજાઈ હતી. આ ચુંટણીમાં કુલ-૧૯ યુનિયનોની ૩ પેનલો વચ્ચે જંગ છેડાયો છે. આજે રાજયભરમાં આવેલી તમામ બીએસએનએલઓફીસમાં વર્ગ - ૩ અને ૪માં ફરજ બજાવતા કર્મચારીઓએ મતદાન કર્યું હતું. આ ચુંટણી દર ૩ વર્ષે યોજાય છે. દરેક રાજયમાં ચુંટણી યોજાય છે. રાજયમાં સર્કલ અધિકારી અને તેની નીચે જિલ્લા અધિકારી હોય છે. જયારે યુનિયનોની ચુંટણી જે યુનિયન જીતે તેના દ્વારા જનરલ સેક્રેટરીનું પદભાર સંભાળે છે. જે યુનિયનને ૫૧ ટકા બહુમતી મળે તેનું તમામ રાજયના ક્રર્મચારીઓ માને છે અને તે યુનિયન પોતાના પડતર પ્રશ્નોની રજુઆત કરે છે. જયારે ૫૧ ટકાની પૂર્ણ બહુમતિ યુનિયને ના મળી હોય તેવા સંજોગોમાં તેનાથી ઓછા ટકા મેળવનાર યુનિયનનું વર્ચસ્વ જોવા મળે છે.

જયારે સમગ્ર ભારતભરમાં તે યુનિયનનું ૩ વર્ષ માટે કર્મચારીઓ માને છે. ગુજરાતમાં આવેલ જિલ્લા લેવલે તમામ બીએસએનએલ ઓફીસમાં ક્રમચારીઓએ ભારે રસપૂર્વક મતદાન કર્યું હતું.

### જૈન સમાજના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રીનું અભિવાદન

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબહેન પટેલનું આજે ગાંધીનગરમાં વિવિધ જૈન સમાજ અગ્રણીઓ-આચાર્યોએ રાજય સરકાર દ્વારા જૈન સમાજને ધાર્મિક લઘુમતિ જાહેર કરવા અંગે આભાર અભિવાદન કર્યું હતું.

### ગરમ શહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પર જોવા મળી હતી. માર્ગો પર વાહનોની અવરજવર સાવ નહિવત થઈ ગઈ હતી. પ્રાણીઓ પક્ષીઓ વૃક્ષની છાંયા શોધી લપાઈ ગયા હતા. જયારે વસાહતીઓ પણ ઘરના બારીબારણા બંધ કરી ઘરમાં જ પુરાઈ રહ્યા હતા. આખો દિવસ એટલો બધો ભયંકર તડકો પડ્યો હતો કે તેની અસર સૂર્યાસ્ત બાદ પણ જોવા મળી હતી. સૂર્યાસ્ત બાદ પણ લૂ નો કહેર જારી રહ્યો હતો.

ઠંડક મેળવવા માટે વસાહતીઓ જાતભાતના નુસખા અપનાવતા નજરે ચઢ્યા હતા. સાંજે બરફ ગોળાની લારીઓ અને આઈસ્ક્રીમ પાર્લરો પર ભીડ જોવા મળી હતી.

લઘુત્તમ તાપમાન ૨૯.૫ ડિ.સે. જેટલુ ઉંચુ નોંધાતા રાત્રીના સમયે પણ પરસેવે રેબઝેબ થઈ જવાતું હતું. ખુબ ગરમી લાગતા ઘણા વસાહતીઓ આગાસીમાં કે ઓસરીમાં પથારી કરી હતી. ગરમીથી રાહત મેળવવા માટે મોડી રાત સુધી ઘણા વસાહતીઓ સ્વર્ણિમ પાર્કમાં ટહેલતા નજરે પડ્યા હતા. અહીં એટલી બધી ભીડ ઉમટી પડી હતી કે કાર પાર્કિંગની જગ્યા પણ માંડ ઉપલબ્ધ બની હતી.

હીટવેવની અસર હજુ આગામી અઠવાડિયા સુધી રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી પહોંચવાની પુરેપુરી સંભાવના હોવાથી વસાહતીઓને બપોરના સમયે ઘરમાં રહેવા અપીલ કરવામાં આવી છે.

### મેયર પર હુમલો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈશ્વરભાઈ દેસાઈ અને તેજાભાઈ દેસાઈ મળી ૯ આગેવાનો સામે નામજોગ તથા અન્ય ૨૫ વ્યક્તિના ટોળા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે. પોલીસે ટોળાશાહી, સુલેહ શાંતિનો ભંગ, મારામારી, જાહેર સેવકને જાહેર કાર્ય કરતા બળજબરીપૂર્વક અટકાવવા, જાનથી મારી નાંખવાની ધમકી તથા ગુનામાં મદદગારીની કલમો ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૩૪૧, ૩૫૩, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ કોંગ્રેસ પણ ક્રોસ ફરીયાદ આપે તેવી ચર્ચાઓ ચાલી રહી છે.

### વિશ્વાસમત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેવા એક ઘટનાક્રમમાં ઉત્તરાખંડ હાઈકોર્ટે વિધાનસભાના અધ્યક્ષ દ્વારા તેમને ગેરલાયક જાહેર કરવાના ચુકાદાને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી નવ ધારાસભ્યોની અરજીને ફગાવી દીધી હતી. આની સાથે જ કોંગ્રેસની છાવણીમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. કોર્ટના ચુકાદા માટે અસંતુષ્ટ સભ્યોએ તરત જ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ઉત્તરાખંડ વિધાનસભામાં ફલોર ટેસ્ટ થાય તેના એક દિવસ પહેલા કોર્ટનો ચુકાદો જાહેર કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ ગોવિંદસિંહ કુંજવાલ દ્વારા તેમને ગેરલાયક ઠેરવવાના આદેશને પડકાર ફેંકીને કોંગ્રેસના અસંતુષ્ટ ધારાસભ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. બળવાખોરો ગેરલાયક રહ્યા બાદ તેમને ૭૧ સભ્યોના ગૃહમાં ફ્લોરટેસ્ટ દરમિયાન તેમના મત આપવાની મંજુરી મળશે નહીં.૭૧ સભ્યોના ઉત્તરાખંડ વિધાનસભા ગૃહમાં સંખ્યાબળ ૬૨ છે. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલ અને અમિત સિબ્બલ તરફથી દલીલો કરી હતી જયારે સીએ સુંદરમ અને દિનેશ દ્વિવેદીએ બળવાખોર ધારાસભ્યોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. હરિશ રાવત આવતીકાલે વિશ્વાસમત મેળવનાર છે. સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટના આજે સવારના ચુકાદાને યોગ્ય ઠેરવ્યો હતો. ઉત્તરાખંડમાં હાલમાં છેલ્લા કેટલાક દિવસથી રાજકીય ગરમી હતી. રાષ્ટ્રપતિ શાસન લાદવાની પણ ફરજ પડી હતી. હરીશ રાવતને પદભ્રષ્ટ કરવામાં આવ્યા હતા.

### કોલેરાગ્રસ્ત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મળી આવતાં દર્દીઓની સંખ્યા ૧૦૨ પર પહોંચી છે. તંત્રએ પંચાયતને તાત્કાલિક પેયજળનો બોર દ્વારા પુરવઠો આપવાનું બંધ કરવા કડક તાકીદ કરી હતી.

ડૉ. જાગાણીના જણાવ્યા પ્રમાણે આરોગ્યની ટીમો દ્વારા ૨૦૮૩થી વધુ ઘરોનો સર્વે કરવામાં આવેલ છે અને હજુ સર્વેની કામગીરી ચાલુ છે. દર્દીઓની સારવાર માટે રાઉન્ડ ધ ક્લોક તબીબી અધિકારીશ્રી દ્વારા ઓ.પી.ડી. ચાલુ કરી દેવામાં આવેલ છે. ઓ.આર.એસ. પેકેટ વિતરણ, ક્લોરીનેશન ટીકડીઓનું વિતરણ, આરોગ્ય શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોર પછી આજરોજ આરોગ્ય સમિતિના ચેરમેન, આશાબેન રાઠોડ દ્વારા મુલાકાત લઈ જરૂરી સુચનાઓ આપવા ઉપરાંત સલામત પાણીની વ્યવસ્થા માટે ચાર ટેન્કર પાણી ઉપલબ્ધ કરાવવામાં આવેલ હતુ. તેમની સાથે ઈ.એમ.ઓ.શ્રી, તાલુકા હેલ્થ ઓફીસરશ્રી, તબીબી અધિકારીશ્રીએ હાજર રહી રોગચાળાની પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. રોગચાળાને તાત્કાલિક અસરથી નિયંત્રિત કરવા માટે અગમચેતીનાં જરૂરી પગલાં લેવા માટે આરોગ્યની ટીમ કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

### વોટર-શો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓ માટે વોટર બોડીનુ આકર્ષણ ઉભુ કરવામાં આવ્યુ છે. જયારે પાર્કમાં સ્થિત વોટર બાડીમાં અધ્યતન ફાઉન્ટેઈન મુકવામાં આવ્યા છે. રાત્રિ દરમિયાન રંગબેરંગી ફુવારા સહેલાણીઓ નિહાળી શકે તે માટે દરરોજ બે શો યોજવામાં આવે છે. પરંતુ છેલ્લા એક સપ્તાહથી વોટર શો બંધ હાલતમાં છે. જેના લીધે પાર્કમાં આવતા સહેલાણીઓમાં નિરાશા પ્રવર્તે છે. વોટર બોડી હાલ જાળવણીના કામ હેઠળ હોવાથી વોટર શો બંધ કરી દેવાયો છે. જયારે વોટર બોડી સાથે જોડાયેલી સંપની લાઈન પણ તુટી ગઈ છે. જેથી તેનુ સમારકામ ચાલે છે. વેકેશનનો સમયગાળો હોવાથી સાંજ ઢળતા જ સ્વર્ણિમ પાર્કમાં સહેલાણીઓની ભારે ભીડ જામે છે.જયારે રાત્રિના સમયે વોટર બોડી કંગાળ ભાસતા સહેલાણીઓ પણ વિલા મોં એ પાછા ફરવાની નોબત આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ વોટર શો માં સંપની લાઈન તુટી જતા ખામી સર્જાવાના લીધે વોટર શો બંધ છે. જયારે એક સપ્તાહમાં કામ પુર્ણ થતા નિયત સમયે ફાઉન્ટેઈન શો શરૂ કરી દેવાશે.